# લક્ષ્મી ઘરમાં નથી ટકતી ?

- - - - - - - - - - - - - -

સોનું - ચાંદી, મકાન - મિલકત, રૂપિયા - પૈસા આ બધાં જ લક્ષ્મીના વિવિધ સ્વરૂપ છે. બધા જ એવું ઇચ્છતા હોય છે કે લક્ષ્મી પોતાના ઘરમાં વાસ કરે પરંતુ ઘણા લોકોના ઘરમાં લક્ષ્મી રહેતી નથી. આવું બનવાના ઘણાં કારણો હોય છે. વિભિન્ન પુરાણો અને શાસ્ત્રોમાં આ પ્રકારના તથ્ય વર્ણિત છે કે કઇ રીતે લક્ષ્મીનો ક્ષય એટલે કે નાશ થાય છે અને કયા - કયા કારણોને લીધે લક્ષ્મી ઘરમાં આવાસ બનાવતી નથી. આવાજ કેટલાક કારણે વિશે જાણીએ.

* જે વ્યક્તિ આળસુ હોય છે, જે ઇશ્વરમાં વિશ્વાસ ધરાવતા નથી, જેઓનું આચરણ ભ્રષ્ટ, ચોર તથા કપટી હોય છે, તેમની પાસે ક્યારેય લક્ષ્મી રહેતી નથી.

* જે વ્યક્તિ ગુરુ પ્રત્યે અનાદર વ્યક્ત કરે છે, જે ગુરુના ઘરમાં ચોરી કરે છે, જે ગુરુ પત્ની પર ખરાબ દૃષ્ટી રાખે છે, તેના ઘરમાં લક્ષ્મી રહેતી નથી અને હંમેશા માટે લક્ષ્મી જતી રહે છે.

* જે વ્યક્તિ દેવતાઓને વાસી પુષ્પો અર્પણ કરે છે. મલિન (મેલો) અને દુર્ગંધયુક્ત રહે છે, જે ફાટેલાં - તૂટેલાં આસન પર બેસે છે.

* જે વ્યક્તિ બ્રાહ્મણને, અગ્નિને, ભસ્મને, ગુરુને અથવા માતા - પિતાને પગથી સ્પર્શ કરે છે તેના ઘરમાંથી લક્ષ્મી હંમેશને માટે જતી રહે છે.

* જે વ્યક્તિ એક પગને બીજા પગ વડે રગડીને ધોવે છે, જે ગંદા સ્થાન પર સૂવે છે, જે સંધ્યાકાળે સ્ત્રી સાથે સહવાસ કરે છે, જે દિવસે સૂએ છે, તેના ઘરમાં લક્ષ્મી ક્યારેય રહેતી નથી.

* જે વ્યક્તિ ઘરમાં આવેલા અથવા ઘરમાં બનાવેલ મિષ્ટાન ઘરમાં રહેવાવાળા લોકોને આપ્યા વગર ખાઇ લે છે, જે ઘરની રસોઇમાં ભેદભાવ રાખે છે, તેને લક્ષ્મી છોડી દે છે.

* જે વ્યક્તિ પોતાના શરીરને વાજાની જેમ વગાડે છે તથા ટેબલ - ખુરશી પર આંગળીઓ વગાડે છે. માથા અને પગને ગંદા રાખે છે, લક્ષ્મી તેનો ત્યાગ કરે છે.

* જે વ્યક્તિ મેલા કપડાં પહેરે છે, અંધારિયા ઘરમાં રહે છે, અણછાજતી કે વિચિત્ર વેશભૂષા ધારણ કરે છે, રૂખુ - સુખુ કે વાસી ખાવાનું ખાઇ લે છે, તેને લક્ષ્મી છોડી દે છે.

* જે વ્યક્તિ પોતાના ગળામાં પહેરેલી માળાને દાંતો વડે ચાવે છે અથવા જાતે તોડી નાખે છે, જે આળસુ હોય છે. તેની પાસે લક્ષ્મી રહેતી નથી.

* જે વ્યક્તિ બીજાનું ધન હડપ કરી જાય છે, જે પરસ્ત્રીગમન કરે છે, સૂર્યોદય પછી પણ સૂઇ રહે છે, જે નખ ચાવે છે તેના ઘરમાં લક્ષ્મી ક્યારેય રહેતી નથી.

* જે વ્યક્તિ દેવતાઓની પૂજા કરતો નથી, જે બ્રાહ્મણોની નિંદા કરે છે, જે વ્યર્થ ભાષણ કરે છે, જે પોતાની આંગળીઓને નચાવે છે, જે નગ્ન સ્ત્રીને જુએ છે. લક્ષ્મી તેનો પરિત્યાગ કરે છે.

* જે વ્યક્તિ વ્યર્થ હસતો રહે છે, જે ખાતા - ખાતા હસે છે, જે ચાલતા - ચાલતા પાણી પીવે છે. જે વીતેલી વાતની ચિંતા અથવા દુઃખ પ્રકટ કરે છે, જે ઉપકાર પ્રત્યે કૃતજ્ઞાતા પ્રકટ કરતો નથી, જ્યારે બે વ્યક્તિ વાત કરતી હોય ત્યારે, તેમને પૂછયા વગર તેમની પાસે ચાલ્યો જાય છે. તેમની પાસે લક્ષ્મી રહેતી નથી.

* જે વ્યક્તિ પુરુષાર્થ કરતો નથી, કામચોર હોય છે, જે પોતાના ઘરમાં શિવ, વિષ્ણુ, ગણપતિ અને શાલિગ્રામનું સ્થાપન કરતો નથી કે પૂજા કરતો નથી, તેના ઘરમાં લક્ષ્મી વાસ કરતી નથી.

* જેના ઘરમાં કલહ થતો હોય છે, જે વાત - વાતમાં પત્નીનું અપમાન કરે છે, જે પત્નીને નોકર સમાન સમજે છે, જે પત્નીના સુખ-દુઃખમાં સહભાગી થતો નથી, તેના ઘરમાં લક્ષ્મી ક્યારેય સ્થાયી રૂપે રહેતી નથી.

* જે વ્યક્તિ લક્ષ્મી સાથે સંબંધિત સ્તોત્ર, મંત્ર વગેરેનો પાઠ નથી કરતો, બિનજરૂરી નાણાંનો વ્યય કરે છે અથવા જે વ્યક્તિ ભોગમાં જ સુખ અનુભવતો હોય તો તેનો ત્યાગ કરે છે.

* જે વ્યક્તિ બુદ્ધિમાન હોતો નથી, ધનપ્રાપ્તિ માટે પ્રયત્ન કરતો નથી તેના ઘરમાં લક્ષ્મી રહેતી નથી.

* જે સ્ત્રી ગંદી રહે છે, પાપ કર્મમાં રચી - પચી રહે છે, જે પરપુરુષોમાં મન લગાવે છે, જેનો સ્વભાવ દૂષિત હોય છે, જે વાત - વાતમાં ક્રોધ કરે છે, જે પોતાના પતિને દબાવવા માટે રોષ, પ્રદર્શન, છળ - કપટ અથવા મિથ્યા ભાષણ કરે છે, તેના ઘરમાં લક્ષ્મી રહેતી નથી.

* જે સ્ત્રી પોતાના ઘરને સાફ - સુથરું તથા સજાવીને રાખતી નથી, જેના વિચારો ઉત્તમ હોતા નથી, જે બીજાના ઘરમાં ભટકતી રહે છે અથવા પોતાનું ઘર છોડીને બીજાના ઘરે નિત્ય (નિયમિત) જાય છે, જેને શરમ આવતી નથી, તેના ઘરમાં લક્ષ્મી રહેતી નથી.ળ

* જે સ્ત્રી દયાહીન હોય છે, સ્વભાવથી નિર્દયી હોય છે, બીજાની ચાંપલુશી કરવા માટે હંમેશા તત્પર રહે છે, જે બીજાને લડાવી - ઝઘડાવીને પોતાને ચતુર સમજે છે, એવા ઘરમાં લક્ષ્મી રહેતી નથી.

* જે પોતાની જાતને સજાવીને રાખતી નથી, જેનું ઘર સજાવેલું કે સુંદર હોતું નથી, જે સ્ત્રી પોતાના પતિને પ્રિય નથી હોતી તેના ઘરમાં લક્ષ્મી રહેતી નથી.

* જે સ્ત્રી પોતાના ઘરમાં પૂજાનું સ્થાન રાખતી નથી, જે ભગવાનને ધૂપ, આરતી કરતી નથી, આરતી ગાતી નથી, તેને લક્ષ્મી છોડી દે છે.

* જે સ્ત્રીના કોઇ ગુરુ હોતા નથી અથવા પોતાના ગુરુ સાથે છળ - કપટ કરે છે, જે મનમાં ગુરુ પ્રત્યે અનાદર રાખે છે, તેના ઘરમાં લક્ષ્મી એક ક્ષણ માટે પણ રહેતી નથી.

* જે સ્ત્રી વધારે ભોજન કરતી હોય અથવા રાંધતી વખતે જ ખાતી હોય, જે એઠું ભોજન પીરસે છે, તેના ઘરમાં લક્ષ્મી રહેતી નથી.

* જે સ્ત્રી દિવસે સૂવે છે. માતા - પિતા, સાસુ - સસરાનો આદર કરતી નથી, જેના મનમાં મમત્વ નથી હોતું, જે બીજાના દુઃખમાં દુઃખી થતી નથી, લક્ષ્મી તેનો ત્યાગ કરે છે.

* જેના ઘરમાં વાસણો આમ - તેમ વિખેરાયેલા રહેતા હોય, બીજાના ઘરમાં ફરવા - ફરવાની રુચિ રાખવાવાળા, સમજ્યા - વિચાર્યા વગર કામ કરવાવાળા, લજ્જાહીન, આવા લોકોના ઘરને લક્ષ્મી ત્યાગે છે.

Dinesh-Vadasan
9377209292

BACK to
વડવાળા.કોમ
Vadwala.com
www.vadwala.com